Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :41• Date : 29-02-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

# મણિપુરમાં સ્થિતિ વણસતાં સેના તહેનાત, સેનાની ચાર ટૂકડી ગોઠવાઈ



ઈમ્ફાલ,

મણિપુરમાં મેઈતેઈ સંગઠન અરમબાઈ તેંગગોલના કાર્યકર્તાઓએ વરિષ્ઠ પોલીસ અધિકારીનું કથિત અહરણ કર્યું હોવાના અહેવાલો સામે આવ્યા બાદ ફરી સેના તહેનાત કરવામાં આવી છે. ત્યાં ઈમ્ફાલમાં આસામ રાઈફલ્સની ચાર ટુકડીઓને તહેનાત કરી દેવાઈ છે. જોકે પોલીસ અને સુરક્ષા દળોની કાર્યવાહી બાદ અપહૃત અધિકારીને બચાવી લેવાયા છે. એવું કહેવાય છે કે, લગભગ ૨૦૦ લોકોએ અધિકારીના ઘરે હુમલો કરી તેમનું અપહરણ કર્યું હતું.

બીજીતરફ મણિપુર પોલીસ કમાન્ડોએ પણ અપહરણ મામલે વિરોધ નોંધાવ્યો છે. વાસ્તવમાં મંગળવારે સાંજે ઘટનાની માહિતી આપતા અધિકારીએ જણાવ્યું કે, 'અમિત કુમારે કથિત વાહન ચોરીના આરોપમાં અરામબાઈ તેંગગોલના કેડરના છ સભ્યોની ધરપકડ કરી હતી. જે મામલે કેડરના કેટલાક સભ્યો કુમારના નિવાસ સ્થાને ઘુસી આવ્યા હતા અને તોડફોડ મચાવ્યા બાદ વાહનો પર આડેધડ ગોળીબાર કરી ઓછામાં ઓછા ચાર વાહનોને નુકસાન કર્યું હતું.' ઘટના અંગે અધિકારીઓએ જણાવ્યું કે, 'મણિપુર પોલીસના ઓપરેશન વિંગમાં તહેનાત અધિક પોલીસ અધિક્ષક અમિત કુમારને પોલીસ અને સુરક્ષા દળોએ સુરક્ષિત બચાવી લીધા છે. હાલ અધિકારીને હોસ્પિટલમાં દાખલ કરાયા છે અને તેમની સ્થિતિ સ્થિર છે.' કેડરના છ સભ્યોની ધરપકડ કરાયા બાદ મેઈતેઈ મહિલા ગ્રૂપ હેઠળના મીરા પૈબિસના એક ગ્રૂપ પણ વિરોધ-પ્રદર્શન શરૂ કરી દીધું હતું અને ધરપકડ કરાયેલા છ લોકોને છોડી મુકવા રસ્તો જામ કરી દીધો હતો. પ્રદર્શન કરનારાઓની સંખ્યા વધુ હોવાના કારણે પોલીસનો કાફલો પણ ખડકી દેવામાં આવ્યો હતો.

એવું કહેવાય છે કે, કુમારના નિવાસસ્થાને હુમલો કરવા આવેલા કેડરના સભ્યો સશસ્ત્રોથી સજ્જ હતા. આ ઉપરાંત પોલીસ અધિકારીના અપહરણ મામલે મણિપુર પોલીસ કમાન્ડો હથિયારો નીચે મુકી વિરોધ નોંધાવ્યો છે. ઘટના અંગે અમિત કુમારના પિતા એમ.કુલ્લાએ જણાવ્યું કે, 'કેટલાક લોકો હથિયારો સાથે અમારા ઘરમાં ઘુસી આવ્યા હતા. ત્યારે અને તેમની સાથે વાત કરાવનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ ન માન્યા અને અચાનક વાહનો પર ગોળીબાર શરૂ કરી દીધો. આ દરમિયાન અમે લોકો તુરંત ઘરની અંદર ઘુસી ગયા હતા અને દરવાજો બંધ કરી દીધો હતો.' ત્યારબાદ પિતાના નિવેદન મુજબ અધિકારીઓએ જણાવ્યું કે, 'પિતાએ તુરંત દીકરા કુમારને ફોન કરી ઘટના અંગે જાણ કરી હતી. પછી તેઓ તુરંત ટીમ લઈ ત્યાં પહોંચ્યા, પરંતુ તેમનું અપહરણ કરી લેવાયું. અધિકારીનું અપહરણ કરી હોવાની માહિતી મળતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ત્યાંથી જરૂરી વિગતો મેળવી તુરંત કાર્યવાહી હાથ ધરી કેટલાક કલાકોમાં કુમારને છોડાવીને લઈ આવી હતી. ત્યારબાદ સ્થિતિ વધુ બગડતા રાજ્ય સરકારે સેનાની મદદ માંગી છે. અધિકારીઓએ કહ્યું કે, આસામ રાઈફલ્સની ચાર ટુકડીઓની માંગ કરવામાં આવી છે અને જે વિસ્તારમાં ઘટના બની ત્યાં તહેનાત કરાઈ છે.

# ભારત આવતા ત્રણ રશિયન ટેન્કર પર અમેરિકાનો પ્રતિબંધ

નવી દિલ્હી,

ફેબ્રુઆરી ૨૦૨૨માં શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધ બાદથી ભારત રશિયા પાસેથી ડિસ્કાઉન્ટેડ ભાવે મોટી માત્રામાં તેલ ખરીદી રહ્યું છે. તેલથી ભરેલા રશિયન ટેક્રરો પણ આગામી થોડા અઠવાડિયામાં ભારત પહોંચશે. પરંતુ તે ત્રણ ટેક્રરની ચર્ચા થઈ રહી છે જેના પર અમેરિકા દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આમ છતાં આ ત્રણેય ટેક્રરો ભારત આવી રહ્યા છે.

એક અખબાર રિપોર્ટ અનુસાર આગામી કેટલાક અઠવાડિયામાં ભારતીય રિફાઈનિંગ કંપનીઓને ક્રૂડ ઓઈલ પહોંચાડનારા ટેક્રરોમાં ઓછામાં ઓછા ત્રણ ટેક્રર એવા છે કે જેના પર અમેરિકા દ્વારા તાજેતરમાં પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. શુક્રવારે અમેરિકાએ ૧૪ રશિયન ઓઈલ ટેક્રરને બ્લેકલિસ્ટ કર્યા કારણ કે તેઓ પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલી પ્રાઈસ સીમા કરતાં વધુ કિંમતે તેલની નિકાસ કરી રહ્યા હતા. પશ્ચિમી દેશોમાંથી રશિયન તેલની કિંમત બેરલ દીઠ ૬૦ ડોલર છે.અન્ય ટેક્રર એનાટોલી કોલોડકિન પણ એપ્રિલમાં સિક્કા બંદર પહોંચશે. આ મહિનાની શરૂઆતમાં એનાટોલી કોલોડકિન ટેક્રરે વાડીનાર પોર્ટ પર ક્રૂડ ઓઈલ પહોંચાડ્યું હતું. બ્લેક લિસ્ટમાં સામેલ અન્ય એક ટેક્રર એનએસ કેપ્ટન પણ માર્ચ અને એપ્રિલમાં તેલ સાથે વાડીનાર બંદરે પહોંચશે.

જો કે, બ્લેકલિસ્ટેડ ટેક્રરોમાંથી ડિલિવરી થવાને કારણે કોઈ મોટી સમસ્યા થવાની કોઈ શક્યતા નથી. કારણ કે અમેરિકાએ બ્લેકલિસ્ટેડ ટેક્રરોને ૪૫ દિવસ માટે તેલની નિકાસ કરવાની છૂટ આપી છે.અમેરિકા સહીત જી-૭ ના અન્ય દેશોએ મળીને સંયુક્ત રીતે ડિસેમ્બર ૨૦૨૨માં રશિયન તેલ પર પ્રાઈસ કેપ લાદવાની જાહેરાત કરી હતી. રિપોર્ટ અનુસાર, રશિયા એક મહિનામાં ચાર ડઝન કાર્ગો ભારતને પહોંચાડે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બ્લેકલિસ્ટેડ ટેક્રરોના ૪૫ દિવસ બાદ ભારતીય રિફાઈન કંપનીઓ આ ટેક્રરોની મદદથી તેલની આયાત નહીં કરે.

## હિમાચલની રાજ્યસભાની બેઠક પરથી અભિષેક મનુ સંઘવી હારી ગયા

# લોકપ્રતિનિધિત્વ કાયદા ૧૯૫૧ની કલમ ૧૦૨ કોંગ્રેસને ભારે પડી

સિમલા,

હિમાચલ પ્રદેશમાં રાજ્યસભાની બેઠક પર ભાજપના હર્ષ મહાજન ચૂંટણી જીતી ગયા, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવી હારી ગયા. અહીં રાજ્યમાં કોંગ્રેસની સરકાર હોવા છતાં તેના ઉમેદવારનો પરાજય કોંગ્રેસ માટે મોટો ઝટકો મનાઈ રહ્યો છે. કોંગ્રેસ અને ભાજપ એમ બંનેના ઉમેદવારોને ૩૪-૩૪ મત મળ્યા હતા પરંતુ જીત કે હારનો નિર્ણય ટોસ દ્વારા લેવામાં આવ્યો. જેમાં ભાજપના હર્ષ મહાજનનો વિજય થયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે મેચ ૩૪-૩૪ મતોથી ટાઈ થયું હતું પરંતુ તે પછી મહાજનને 'ડ્રો' દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.



આ કદાચ પહેલીવાર છે કે રાજ્યસભાની ચૂંટણીના વિજેતાનો નિર્ણય 'ડ્રો' દ્વારા કરવામાં આવ્યો છે. લોકપ્રતિનિધિત્વ કાયદા, ૧૯૫૧ની કલમ ૧૦૨ હેઠળ ડ્રો કરવામાં આવ્યું હતું. તેમાં જોગવાઈ છે કે મત ગણતરી બાદ ઉમેદવારો વચ્ચે ટાઈ થાય તો ડ્રો દ્વારા પરિણામ જાહેર કરી શકાય. નિયમ અનુસાર આવી સ્થિતિમાં વિજેતા તે જ હશે જેને ચિઠ્ઠીના ડ્રો દ્વારા 'વધારાનો મત' મળે છે. ચૂંટણી પંચના સૂત્રોને ટાંકીને એક અહેવાલમાં દાવો કરાયો કે હિમાચલ પ્રદેશમાં રાજ્યસભાની ચૂંટણીના પરિણામો ડ્રો દ્વારા જાહેર કરવાની સમગ્ર પ્રક્રિયા કાયદા અનુસાર કરવામાં આવી હતી. આ દરમિયાન રિટર્નિંગ ઓફિસર અને બંને ઉમેદવારો ત્યાં હાજર હતા. પંચના સૂત્રોએ જણાવ્યું છે કે આ નિર્ણય અંગે કોંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ ફરિયાદ મળી નથી. અગાઉ, ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશમાં હાઈ-વોલ્ટેજ ડ્રામા વચ્ચે રાજ્યસભાની ચૂંટણી માટે કોંગ્રેસના ધારાસભ્યોને સરકારી વિમાન દ્વારા સુરક્ષિત જગ્યાએ ખસેડવાની ભાજપની ફરિયાદને પણ નકારી કાઢી હતી.

## તંત્રી લેખ

# બોર્ડની પરીક્ષા : ચિંતા સે આગે એક જહાં ઔર ભી હૈ

આજ શણગારો રે શણગારો
રૂડા શરણાઈઓ ને ઢોલ
આંગણે આવીને ઉભી છે માઝમ રાત
જિસકા મુજે થા ઈન્તઝાર, વો ઘડી આ ગઈ

કંકુ-તિલક, ચોખા, મીઠાઈ અને ઢગલાબંધ શુભેચ્છાઓ સાથે જે ઘડીને વધાવવી જોઈએ એમાં વિષાદ, અવસાદ, અનહદ ચિંતા કે ભય જેવી લાગણીઓ કેમ રાજ કરે છે. જે તક અને ક્ષણ માટે વર્ષોની રાહ પણ હોય અને જે તક જીવનના એક મોટા નિર્ણય માટે જવાબદાર બનવાની હોય એમાં આપણી પાસે મિશ્ર લાગણી અને મૂંઝવણો વધુ હોય છે. યસ, વાત કરું છું બોર્ડની પરીક્ષાની. સમગ્ર ભારતમાં સીબીએસઈની બોર્ડ્સ પરીક્ષા શરૂ થઈ ગઈ છે અને ગુજરાત બોર્ડની પરીક્ષા પણ સાવ ઢૂંકડી એટલે કે નજીક છે. પ્રતિવર્ષ આ પરીક્ષા ઉત્સવ સમગ્ર રાષ્ટ્રમાં માર્ચ અને એપ્રિલ મહિનામાં આવે છે. પરંતુ કમભાગ્યે કેટલાક અંધકારો અને અવસાદો આ પરીક્ષાને શત્રુસ્થાને મૂકી દે છે. પરીક્ષા જોડાયેલા કેટલાક સપનાઓ, ઈચ્છાઓ અને તનતોડ મહેનતો એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવા થનગનતા હોય છે. ત્યારે એની સાથે ધીમી ચાલે ભય અને ચિંતા અનેક પરિવારોમાં અડિંગો જમાવીને બેસી જાય છે. માત્ર એક, બે કે ત્રણ નહિ પરંતુ બાળમંદિરને ઉમેરીએ તો બોર્ડની પરીક્ષા પહેલા એક વિદ્યાર્થી ઓછામાં ઓછા દસથી બાર વર્ષ ભણે છે. તે છતાં આ પરીક્ષા સાથે સુખ અને દુઃખના બંને અંતિમો જોડાયેલા છે. તાજેતરમાં ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાતના તમામ જિલ્લામાં વિદ્યાર્થીઓ માટે મનોવૈજ્ઞાનિક અને તજજ્ઞોની હેલ્પલાઈન સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. ગત દસ દિવસમાં આવેલ કેટલાક પ્રશ્નો તથા અંગત કાઉન્સેલિંગના નિષ્કર્ષ તથા કેટલાક સૂચનો અહીં ટાંકુ છું.

પરીક્ષા વખતે મુંઝવણ વધી જાય, ઘરમાં પણ તણાવ વધે ત્યારે કોની સલાહ લેવી જોઈએ ?

પરીક્ષા સમય અને તે પહેલાની માનસિક સજ્જતા માટે અનુભવી સાયકોલોજીસ્ટ અને કાઉન્સેલરની મદદ લેવી હિતાવહ છે. આપણે બુટની દોરી લેવા મેડિકલ સ્ટોરમાં જઈએ છીએ? તો જયારે કોઈ માનસિક સમસ્યા અંગે સલાહ લેવાની આવે ત્યારે શા માટે આસપાસના લોકો કે બીજા કોઈ ક્ષેત્રના વ્યવસાયિકો પાસે જવું જોઈએ? બોર્ડની પરીક્ષા અને પરિણામ પછી પ્રશ્નો, મૂંઝવણ અને વિકલ્પો વધે છે. ક્યારેક પેરેન્ટ્સના સપનાં અને સંતાનની ક્ષમતા વચ્ચે તણખા ઝરે તો ક્યારેક ઈચ્છા અને વાસ્તવિકતા વચ્ચે અંતર વધે. અભ્યાસ, વિષય પસંદગી અને કરિયરને આકાર આપવા માટે માર્ગદર્શનની જરૂર છે. અનુભવી કાઉન્સેલર મૂંઝવણને સાચી દિશા આપે છે.

તૈયારી પૂરી ના હોય અને પરીક્ષામાં ડ્રોપ લેવાના વિચાર આવે તો શું કરવું જોઈએ ?

પરીક્ષા અને તેના પરિણામ સાથે કારકિર્દી જોડાયેલી છે, આથી તેનું મહત્વ તો વધારે રહેવાનું. પરીક્ષા પદ્ધતિ એ વાસ્તવિકતા છે અને તેનો સ્વસ્થતાપૂર્વક સામનો કરવો એ આપણી જરૂરિયાત અથવા ફરજ છે. આથી પરીક્ષા વગરના વિશ્વની પરિકલ્પના કરીને હવાઈ તુક્કાઓ દોડાવ્યા વગર તેને જીવનનો એક ભાગ સમજવો અને સ્વીકારવો જરૂરી છે. નિષ્ફળતાની કલ્પના વધુ ગંભીર સ્વરૂપ થાય તે પહેલા આંશિક અથવા પૂર્ણ સફળતા માટે અને નવા વિકલ્પની ચર્ચા વધુ કરવી જોઈએ અને બીજી મહત્વની વાત, પરીક્ષા તો આવતા વર્ષે કે એની પછીના વર્ષે આપશો તો પણ ચિંતા ઓછી નથી થતી, બલ્કે આગળ વધવાના અને નવું કામ કરવાના દિવસો ઘટે છે .

એક્ઝામ ફીવર એટલે શું ? ધારો કે ભય કે ચિંતાના લક્ષણો શરીર પર આવે તો શું કરવું જોઈએ?

એક્ઝામ ફીવર એટલેકે પરીક્ષાનો ભય એવો કે જે શરીરની રોજિંદી ક્રિયાને શિથિલ કરે છે. તાવ ઉલ્ટી જેવા શારીરિક રોગના દરેક લક્ષણો જોવા મળે છે. માનસિક તાણ ને કારણે શરૂ થતી અને વકરતી પરિસ્થિતિ દવા ઉપચાર કરવી પડે એટલી તીવ્ર થતી જાય છે પરીક્ષા સાથે જોડાયેલ ભય એટલી હદે હાવી થઈ જાય છે કે પરીક્ષાનો દિવસ નજીક આવે ત્યાં સુધીમાં શરીરનો તંદુરસ્ત સાથ ઘટતો જાય છે. જો ચિંતાને કારણે ઉદભવતી તાણ સ્નાયુ, આંખ કે ટેમ્પરેચરમાં દેખાતી હોય અને તેની જૂની હિસ્ટ્રી પણ હોય તો કાઉન્સેલરના સેશન લેવા, રોગ પ્રતિકારક શક્તિ વધે તેવા ઘરેલુ ઉપચાર અને વધુ તીવ્રતા હોય તો ફેમિલી ડોક્ટરની મદદથી પ્રિકોશન લેવા જોઈએ.

### આંધ્ર પ્રદેશમાંથી એક આશ્ચર્યજનક સમાચાર

# વિશાખાપટ્ટનમમાં ફ્લોટિંગ બ્રિજ ઉદ્‌ઘાટનના ૨૪ કલાકમાં પાણીમાં તણાઈ ગયો



વિશાખાપટ્ટનમ,

આંધ્ર પ્રદેશની એક આશ્ચર્યજનક ખબર આવી છે. વિશાખાપટ્ટનમ્માં એક ફ્લોટિંગ બ્રિજનું ઉદ્ઘાટન શાસક પક્ષ વાય.એસ.આર.સી.પી.ના સાંસદ વાય-વી.સુબ્બા રેડ્ડીએ કર્યું હતું, તે બ્રિજ ૨૪ કલાકમાં જ પાણીમાં તણાઈ ગયો. આ બ્રીજ બનાવવામાં ૧.૬ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. જો કે આ સારીવાત તે છે કે આ ઘટનામાં કોઈનું નિધન થયું ન હતું.વાસ્તવમાં આ પૂલ સમુદ્રમાં ઉતરવા માટે અથવા પુલ ઉપર ઉભા રહી સમુદ્રનું અદ્ભુત દર્શન કરવા માટે રચવામાં આવ્યો હતો.

પરંતુ માત્ર ૨૪ કલાકમાં જ તે ખતમ થઈ જતાં વિપક્ષોએ વિધાનસભામાં અને બહાર પણ ભારે હંગામા મચાવી દીધા હતા. ગૃહના વિપક્ષી નેતા, એન.ચંદ્રાબાબુ નાયડુએ લોકોના જાન જોખમમાં નાખવાનો સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો. તેઓએ પોતાનાં ઠ હેન્ડલ ઉપર લખ્યું કે જગન રેડ્ડીનાં દરેક કાર્યો ભ્રષ્ટાચારથી જ ભરેલાં છે. પરંતુ હવે ભ્રષ્ટાચારનો ભાર એટલો વધી ગયો છે કે તે સહન થઈ શકે તેમ નથી. તેનું આ તરતો પૂલ દેખીતું ઉદાહરણ છે. ૨૪ કલાકમાં જ આ તરતો પૂલ જે બધા માટે અનુકુળ કહેવાતો હતો, તે (પાણીમાં) ખેંચાઈ ગયો.જો કે સરકારે ગૃહમાં એવો જવાબ આપ્યો હતો કે પૂલનું ્ પોઈન્ટ બ્રિજથી છુટું પડી જતાં આ ઘટના સર્જાઈ હતી. આશ્વાસનની વાત તે છે કે પૂલ તૂટયો તે સમયે પૂલ ઉપર કોઈ ઉપસ્થિત ન હતું. પરંતુ વહેલામાં વહેલી તકે આશરે ૨૪ કલાકમાં જ પૂલનું સમારકામ થઈ જશે.

### યુદ્ધ વિરામની અપીલ છતાં ઈઝરાયેલનો ગાઝા પર હુમલો

# ગાઝામાં ભારે ભૂખમરો, ઈઝરાયલે માનવીય સહાય અટકાવી દીધી

## માનવીય સહાય સાથે યુએનના ટ્રક બોર્ડર પર તૈયાર છે, પણ ઈઝરાયલ તેને ગાઝામાં પ્રવેસવા મંજુરી નથી આપી રહ્યું

ન્યુયોર્ક,

વિશ્વ સમુદાય અને યુનાઈટેડ નેશન્સએ વારંવાર 'યુદ્ધ વિરામ'ની આપીલ કરી હોવા છતાં ઈઝરાયલગાઝાપર સતત હુમલા કરી રહ્યું છે, ઉપરાંત ગાઝામાં પહોંચતી માનવ સહાય પણ રોકી દેવામાં આવી છે. જેના કારણે ગાઝામાં ગંભીર માનવીય સંકટ ઉભું થયું છે, લોકો આને હોલોકોસ્ટ ત્રાસદી સાથે સરખાવી રહ્યા છે.

ઉત્તર ગાઝામાં ખોરાકની અછત છે, લોકો ભૂખમરાથી પીડાઈ રહ્યા છે. અહેવાલો મુજબ, ૨૩ જાન્યુઆરીથી કોઈ માનવીય સહાય ઉત્તર ગાઝાના લોકો સુધી પહોંચી શકી નથી, મંગળવારે વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ દ્વારા ચેતવણી જાહેર કરવામાં આવી હતી. માનવીય સહાય સાથે યુએનના ટ્રક બોર્ડર પર તૈયાર છે, પણ ઈઝરાયલ તેને ગાઝામાં પ્રવેસવા મંજુરી નથી આપી રહ્યું. યુએનની રીલીફ એજન્સી ગાઝા પટ્ટી ઈઝરાયલે સર્જેલી ગંભીર માનવતાવાદી કટોકટીને પહોંચી વળવા સતત સંઘર્ષ કરી રહી છે. તેમણે લોકોને હાકલ કરી હતી કે તેઓ પેલેસ્ટિનિયનોને મદદ કરે.

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ(ડબલ્યુએફપી)ના ડેપ્યુટી એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કાર્લ શાઈએ યુએન સિક્યુરિટી કાઉન્સિલને જણાવ્યું હતું કે, ''જો સ્થિતિ બદલાશે નહીં, તો ઉત્તર ગાઝા દુકાળ સ્થિતિની નજીક છે.''

જ્યારે યુએન માનવતાવાદી કાર્યાલય(ઓસીએચએ)ના રમેશ રાજસિંઘમે સામૂહિક ભૂખમરાની ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે ગાઝામાં લગભગ ૫,૭૬,૦૦૦ લોકો એટલે કે વસ્તીના એક ચતુર્થાંશ લોકો, ભૂખમરાથી એક પગલું દૂર છે. ઉત્તરી ગાઝામાં બે વર્ષથી ઓછી ઉંમરના છમાંથી એક બાળક ગંભીર કુપોષણથી પીડાય છે.

યુએન ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફપીઓ) ના ડેપ્યુટી ડાયરેક્ટર-જનરલ મૌરિઝિયો માર્ટિનાએ ચેતવણી આપી હતી કે ગાઝામાં લગભગ ૯૭ ટકા ભૂગર્ભજળ પીવાલાયક નથી. દરમિયાન, યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તાએ મંગળવારે કહ્યું કે સહાય તૈયાર છે અને સરહદ પાર જવાની રાહ જોઈ રરહ્યા છીએ. ઈઝરાયેલના અધિકારીઓએ તાજેતરમાં ઉત્તરી ગાઝામાં કોઈપણ પ્રકારની સહાય મોકલવાનો ઈંકાર કર્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, ગાઝામાં સહાય મોકલવાની છેલ્લી પરવાનગી ૨૩ જાન્યુઆરીએ આપવામાં આવી હતી. યુએનઆરડબલ્યુએના વડાએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે પરિસ્થિતિ ''બ્રેકીંગ પોઈન્ટ'' પર છે કારણ કે સહાય મોકલનારાઓએ ફંડિંગ રોકી દીધું છે. ઈઝરાયેલ સહાય એજન્સીને નષ્ટ કરવા દબાણ કરી રહ્યું છે અને માનવતાવાદી જરૂરિયાતો વધી રહી છે. અન્ય એજન્સીઓએ કહ્યું કે સુરક્ષા પરિષદે આના પર કાર્યવાહી કરવી જોઈએ.

### રાજીવના હત્યારાને લિવર ફેલ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો

# રાજીવ ગાંધીના હત્યારા સંથાનનું ચેન્નાઈની રાજીવ ગાંધી હોસ્પિટલમાં મોત

## કાર્ડિયાક અરેસ્ટ પછી, શરૂઆતમાં એવું લાગતું હતું કે તે સ્વસ્થ થઈ જશે, પરંતુ તેને બચાવી શકાયો નહીં

ચેન્નાઈ,

પૂર્વ વડાપ્રધાન દિવંગત રાજીવ ગાંધીનો હત્યારો સંથાન મૃત્યુ પામી ગયો છે. બીમારીની સારવાર દરમિયાન તે મૃત્યુ પામ્યો હતો. જોકે રસપ્રદ વાત એ છે કે સંથાનનું મોત પૂર્વ દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીના નામે જ નિર્માણ પામેલી ચેન્નઈની સરકારી હોસ્પિટલમાં થયું હતું. રાજીવ ગાંધીની હત્યા સંથાને જ કરી હતી.

તેણે આ હત્યાકાંડ મામલે દોષિત ઠેરવાયો હતો પણ પછીથી તે મુક્ત થઈ ગયો હતો. ૫૫ વર્ષીય સંથાનને જાન્યુઆરીમાં લીવર ફેલ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો જ્યાં તે અનુક બીમારીઓથી પીડાતો હોવાથી સારવાર લઈ રહ્યો હતો. હોસ્પિટલના ડીન ડૉ. ઈ થેરાનીરાજને જણાવ્યું હતું કે સંથાનને દાખલ કરવામાં આવ્યા ત્યારથી તેની સ્થિતિ નાજુક હતી. આ પછી, તેમની બિમારીના કારણે, આજે સવારે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. ડૉક્ટરે વધુમાં જણાવ્યું હતું કે કાર્ડિયાક અરેસ્ટ પછી, શરૂઆતમાં એવું લાગતું હતું કે તે સ્વસ્થ થઈ જશે, પરંતુ તેને બચાવી શકાયો નહીં. રાજીવ ગાંધી હત્યા કેસમાં સંથાનને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી, જે બાદમાં આજીવન કેદમાં ફેરવાઈ હતી. આટલું જ નહીં નવેમ્બર ૨૦૨૨માં જ સંથાન સહિત અન્ય ૫ હત્યારાઓને પણ મુક્ત કરવામાં આવ્યા હતા. આ તમામ લોકોએ લગભગ ૩૨ વર્ષની જેલની સજા ભોગવી હતી.

આ લોકોને મુક્ત થયા બાદ પણ ત્રિચીની સેન્ટ્રલ જેલના સ્પેશિયલ કેમ્પસમાં રાખવામાં આવ્યા હતા. આ પાછળનું કારણ એ હતું કે તેઓ મૂળ શ્રીલંકાના નાગરિક હતા અને તેમની પાસે ન તો પાસપોર્ટ હતો કે ન તો મુસાફરીના કોઈ દસ્તાવેજો હતા. સંથાને મદ્રાસ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને માંગ કરી હતી કે તેને શ્રીલંકા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે કારણ કે તે તેની વૃદ્ધ માતાને મળવા માંગતો હતો. જો કે, આ અંગે કોઈ નિર્ણય લેવાય તે પહેલા જ સંથાનનું લાંબી માંદગી બાદ મૃત્યુ થયું હતું.

# દિલ્હીના એલજીએ દિલ્હી સરકારની સોલર પોલિસી પર રોક લગાવી

નવી દિલ્હી,

દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર બીકે સક્સેના વચ્ચેનો સંઘર્ષ અટકતો જણાતો નથી. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ એલજીએ દિલ્હી સરકારની સોલર પોલિસી પર રોક લગાવી દીધી છે. સીએમ કેજરીવાલે થોડા દિવસો પહેલા પ્રેસ કોન્ફરન્સમાં સોલર પોલિસીની જાહેરાત કરી હતી. કેજરીવાલ સરકારનો દાવો છે કે આ સોલાર પોલિસીના અમલથી દિલ્હીમાં વીજળીનું બિલ લગભગ શૂન્ય થઈ જશે. પરંતુ એલજીએ આ પોલિસી પર પ્રતિબંધ મૂકી દીધો છે.

કેજરીવાલ સરકારે જાન્યુઆરીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં નવી સોલર પોલિસી લાગુ કરવાની જાહેરાત કરી હતી. આ અંતર્ગત બધા લોકોને તેમના ઘરની છત પર સોલાર પેનલ લગાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા અને જે લોકો પોતાના ઘરની છત પર સોલાર પેનલ લગાવે તેમને મફત વીજળી આપવાની તૈયારી હતી. સોલાર પેનલ લગાવવા માટે કેજરીવાલ સરકાર સબસિડી પણ આપવાની હતી. હાલમાં દિલ્હીમાં ૨૦૦ યુનિટ સુધીની વીજળી મફત છે. ૪૦૦ યુનિટ સુધી વીજળીનો વપરાશ કરનારાઓ પાસેથી અડધો વીજ બિલ વસૂલવામાં આવે છે અને જેઓ ૪૦૦ યુનિટથી વધુ વીજળીનો વપરાશ કરે છે

તેમના પાસેથી સંપૂર્ણ વીજળીનું બિલ વસૂલવામાં આવે છે. કેજરીવાલ સરકાર દ્વારા તેમની દિલ્હી સોલર પોલિસીને લઈને ઘણા મોટા મોટા દાવા કરવામાં આવ્યા હતા. સૌથી મોટો દાવો તો એવો કરવામાં આવ્યો હતો કે આ યોજના અંતર્ગત ગરીબ અને અમીર બધાના જ વીજળીના બિલ શૂન્ય થઈ જશે અને કમર્શિયલ વપરાશ માટેનું વીજળીનું બિલ પણ અડધું થઈ જશે. આ ઉપરાંત લોકોને પોતાની સૌર ઉર્જા વેચીને કમાણી કરવાનો મોકો પણ મળશે. સોલાર પેનલ લગાવ્યા બાદ ગ્રાહકોને ૨૫ વર્ષ સુધી મફત વીજળી મળશે. સોલાર પેનલ લગાવવા માટે લાગતો ખર્ચ પણ ચાર વર્ષમાં વસૂલ થઈ જશે.

# જુનાગઢમાં ૫મી માર્ચથી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે

જુનાગઢ,

જુનાગઢમાં ૫મી માર્ચથી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થવાનો છે. દર વર્ષે મહા વદ નોમથી તેરસ સુધી આ મેળાનુ આયોજન કરવામાં આવે છે. મેળાના આયોજનને લઈને વિવિધ અખાડાઓના સાધુસંતોની બેઠક મળી હતી. જેમા મેળાના વ્યવસ્થાપનને લઈને ચર્ચા કરાઈ હતી. લાખો ભાવિકોની આસ્થા, આગમન તેમજ ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ ગણાતા મહાશિવરાત્રીના મેળાનો ૫મી માર્ચથી પ્રારંભ થવાનો છે. દર વર્ષે મહાવદ નોમથી તેરસ દરમિયાન એમ ચાર દિવસ સુધી આ મેળો યોજાય છે. ૫ માર્ચથી ૮ માર્ચ સુધી ચાલનારા આ મેળામાં આવતા ભાવિકોને કોઈજાતની અગવડ ન પડે મેળાની પારંપારિક રીતે યોજાતી વિધિ સરળતાથી થાય તે માટે સાધુ સંતોની બેઠક યોજાઈ હતી. ભવનાથ તળેટીમાં પંચ દશનામ જુના અખાડામાં યોજાયેલી બેઠકમાં અગ્નિ અખાડા, આહ્વાન અખાડા અને જુના અખાડાના હોદ્દેદારો સહિતના જોડાયા હતા. સંતોએ મેળામાં આવનારા ભાવિકોને હાઈકોર્ટના આદેશને અનુસરી પ્લાસ્ટિકને ઉપયોગ ન કરવા ખાસ અપીલ કરી છે.

આ બેઠક બાદ ભવનાથના મહંત રૂદ્રેશ્વર જાગીર ભારતીએ જણાવ્યુ હતુ કે તંત્ર દ્વારા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે અને જો કંઈ ઘટ હશે તો આ બાબતે તંત્ર સાથે ચર્ચા કરવામાં આવશે. મુષ્કુંદ ગુફા ભવનાથના મહંત મહેન્દ્રનંદ ગીરીએ જણાવ્યુ હતુ આ મેળા દરમિયાન સંતો તરફથી કોઈ અસુવિધા કે અવ્યવસ્થા ન સર્જાય તેની પુરતી તકેદારી રાખવામાં આવશે. તેમજ અખાડાની, ગુરુમૂર્તિ અને સનાતનની પરંપરામાં ક્યાંય કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.

ભવનાથમાં દર વર્ષે યોજાતા મહાશિવરાત્રીના મેળાને લઈને તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ચાર દિવસ સુધી ચાલતા આ પ્રસિદ્ધ મેળામાં લાખોની સંખ્યામાં ભાવિકો આવતા હોવાથી એસટી નિગમ દ્વારા ખાસ વધારાની બસોની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. . મેળો શરૂ થવાના બે દિવસ અગાઉથી જ ભવનાથ તળેટીમાં સાધુ સંતોનું આગમન શરૂ થઈ જાય છે. ભવનાથ મહાદેવના મંદિરમાં ધજારોહણ સાથે મેળાનો વિધિવત પ્રારંભ થાય છે.

ત્યારબાદ ત્રણ અખાડામાં ધ્વજારોહણ થાય છે. ભવનાથમાં પરંપરાગત રવેડી બાદ સાધુ-સંતો વહેલી સવારે મૃગીકુંડમાં સ્નાન કરે છે અને આ સ્નાન બાદ મેળો સંપન્ન થાય છે.

### કોઈપણ કારણ વગર કરી દીધી બૅન

# મુસ્લિમ દેશોની આંખમાં ફરી આર્ટિકલ ૩૭૦ ખટક્યું

મુંબઈ,

યામી ગૌતમની ફિલ્મ આર્ટિકલ ૩૭૦ ગત ૨૩ ફેબ્રુઆરીએ થિયેટર્સમાં રિલીઝ થઈ હતી. રિલીઝની સાથે જ આ ફિલ્મે બોક્સ ઓપિસ પર ધૂમ મચાવી દીધી. ફિલ્મે ફક્ત ૩ જ દિવસમાં ૩૪.૭૧ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. પરંતુ આ ફિલ્મ મુસ્લિકમ દેશોની આંખમાં ખટકવા લાગી છે. આટલું જ નહીં 'ખાડી દેશોએ આ ફિલ્મ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ફારસની ખાડી નજીક આવેલા ૬ મુસ્લિમ દેશોને ખાડી દેશ કહેવામાં આવે છે. જેમાં મુખ્યત્વે કુવૈત, ઓમાન, સાઉદી અરબ, સંયુક્ત અરબ અમીરાત, કતર અને બહેરીનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જો કે આ ૬ દેશોમાંથી 'સંયુક્ત અરબ અમીરાતે' આર્ટિકલ ૩૭૦ પર પ્રતિબંધ નથી લગાવ્યો. અન્ય ૫ દેશોમાં આ ફિલ્મને બૅન કરી દેવામાં આવી છે. જો કે 'આર્ટિકલ ૩૭૦' પહેલી એવી બોલિવૂડ ફિલ્મ નથી, જેના પર બૅન લગાવવામાં આવ્યો હોય. તેની પહેલા પણ ઘણી ફિલ્મો પર મુસ્લિમ દેશ બૅન લગાવી ચુક્યા છે. આર્ટિકલ ૩૭૦' ફિલ્મના




ડાયરેક્ટર આદિત્ય સુહાષ જાંભાલે ડાયરેક્ટ કરી છે. ફિલ્મની સ્ટોરી યામી ગૌતમના પતિ આદિત્ય ધર, અર્જૂન ધવન અને ડાયરેક્ટર આદિત્યએ લખી છે. ફિલ્મમાં યામી ગૌતમની સાથે અરુણ ગોવિલે પણ લીડ રોલ કર્યો છે. અરુણ ગોવિલ ફિલ્મમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રોલ કર્યો છે. ફિલ્મની સ્ટોરી કાશ્મીરમાંથી હટાવવામાં આવેલી કલમ ૩૭૦ની આસપાસ ફરે છે. મોદી સરકારે આ ધારાને કાશ્મીરમાંથી હટાવી દીધી છે.

જો કે આ ફિલ્મના ઘણા વખાણ થઈ રહ્યાં છે. ફિલ્મને લઈને લોકોએ સોશિયલ મીડિયા પર ઘણી પ્રશંસનીય પોસ્ટ પણ કરી છે. આ ઉપરાંત ફિલ્મને રેટિંગના મામલે પણ લોકોએ આગળ રાખી છે. IMDB પર આ ફિલ્મને ૧૦થી ૮.૮ રેટિંગ આપવામાં આવી છે. તેવામાં ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ સારી કમાણી કરી રહી છે. ફિલ્મે પહેલા જ દિવસે ૫ કરોડ ૯ લાખ રૂપિયાનું કલેક્શન કરીને સૌને ચોંકાવી દીધાં હતાં. તે બાદ ફિલ્મના રિવ્યૂ પણ શાનદાર રહ્યાં. જેનાથી બીજા દિવસે પણ થિયેટર્સમાં લોકો ફિલ્મ જોવા પહોંચ્યા. ફિલ્મે બીજા દિવસે ૭ કરોડ ૪ લાખ રૂપિયાની કમાણી કરી હતી. સાથે જ ફિલ્મના ઘણા વખાણ પણ થઈ રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ફિલ્મનો ઉલ્લેખ પોતાના એક ભાષણમાં કર્યો.

### પાકિસ્તાની શખસો ઈરાની બોટમાં સવાર હતા

# અરબી સમુદ્રમાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો

### અંદાજીત ૨ હજાર કરોડની કિંમતનું ૩,૧૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું સામે આવ્યું છે



અમદાવાદ,

પોરબંદર અરબી સમુદ્રમાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. જેમાં અંદાજીત ૨ હજાર કરોડની કિંમતનું ૩,૧૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો હોવાનું સામે આવ્યું છે. એનસીબી, ગુજરાત એટીએસ તથા નેવી સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી આ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. જેમાં અલગ અલગ ત્રણ પ્રકારનાં ડ્રગ્સ મળી આવ્યાં છે. ડ્રગ્સના જથ્થા સાથે બોટમાં સવાર પાંચ જેટલા પાકિસ્તાની ક્રૂ મેમ્બરની ધરપકડ કરવામાં આવી છે. બોટમાંથી પકડાયેલા આરોપીઓનું પહેલા મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. બાદમાં તેમને પોરબંદર કોર્ટમાં રજુ કરી ૧૫ દિવસના રિમાન્ડની માંગણી કરાઈ છે. પાકિસ્તાની શખસો ઈરાની બોટમાં સવાર હતા. જેમના વિરૂદ્ધ પોરબંદરના નવીબંદર મરીન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયો છે. આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે આ ડ્રગ્સનો જથ્થો ક્યા જતો હતો અને કોને આપવાનો હતા અન્ય કોણ કોણ શખશો તેમાં સામેલ છે તે અંગે તપાસ હાથ ધરાઈ છે.

ગુજરાતનો દરિયા કિનારો જાણે ડ્રગ્સ માફિયા માટે સોફટ ટાર્ગેટ બની ગયો હોત તેમ વારંવાર ડ્રગ્સ ઘુસાડવા અને અન્ય દેશ અને રાજ્યોમાં મોકલવા માટે આ જ રસ્તાનો ઉપયોગ થઈ રહ્યો હોવાનું અલગ અલગ એજન્સીઓના ધ્યાને આવ્યું છે. તેવામાં પોરબંદર અરબી સમુદ્રથી અત્યાર સુધીમાં સૌથી મોટો આવતો ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યું છે. ત્રણ એજન્સીઓના સયૂક્ત ઓપરેશનથી આ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. તેવામાં પકડાયેલા લોકોની પુછપરછ હાથ ધરવામાં આવી છે આ જથ્થો ક્યાથી ક્યા જતો હતો તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. તેવમાં ગુજરાતમાં અગાઉ પણ આવા મોટા ડ્રગ્સના જથ્થા પકડાઈ ચુક્યા છે તેવામાં ડ્રગ્સ ગુજરાતમાં રો મટીરીયલ તૈયાર કરી બહાર મોકલવાના કિસ્સા પણ અનેક સામે આવ્યા છે. જોકે મોટા ભાગના કેસોમાં ડ્ર્ગ્સ સાથે પકડાયેલા માણસો પકડાતા હોય છે અને મોકલનાર અને ડ્રગ્સની ડિલિવરી લેનાર પકડાતા નથી આમ આ કિસ્સામાં પણ શું થાય છે તે આગામી સમયમાં જોવા મળશે.

# કમોસમી વરસાદની આગાહીના પગલે ખેડૂતોના શ્વાસ અદ્ધર

બનાસકાંઠા,

હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહીને પગલે ખેતીવાડી માર્કેટ યાર્ડમાં સૂચના આપી દેવાઈ છે. અનાજની બોરીઓને સુરક્ષિત રાખવા સૂચના અપાઈ છે. બટાટા તેમજ રવિ પાકોની લણણીની સિઝન ચાલી રહી હોવાથી ખેડૂતોમાં ચિંતા વધી ગઈ છે. કમોસમી માવઠું થાય તો ખેડુતોને મોટું નુકસાન થવાની શક્યતા છે.

હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં બે દિવસ દરમિયાન વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના પગલે ખેતીવાડી માર્કેટ યાર્ડમાં રાખવામાં આવેલી અનાજની બોરીઓ અંગે સાવચેતી રાખવાની સૂચના અપાઈ છે. બટાટા તેમજ રવિ પાકોની લણણીની સિઝન ચાલી રહી હોવાથી ખેડૂતો ચિંતિત છે. નોંધનીય છે કે, હવામાન વિભાગે મંગળવારે આપેલી આગાહીમાં પાંચ દિવસ ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની આગાહી કરી છે. તેમણે જણાવ્યુ છે કે, પહેલા ત્રણ દિવસ રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે. જે બાદ ચોથા અને પાંચમા દિવસે સામાન્ય વરસાદની આગાહી કરી છે. એકથી ત્રણ માર્ચના રોજ હળવા વરસાદની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે કમોસમી વરસાદની શક્યતા દર્શાવી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, પહેલી માર્ચના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, દાહોદમાં હળવા વરસાદની શક્યતા દર્શાવાઈ રહી છે.

# પોલીસની કાર્યવાહી, વધુ ૧૨ લોકોની કરી ધરપકડ

વડોદરા,

વડોદરાના નવાપુરામાં પથ્થરમારા કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરી હતી. મળતી જાણકારી અનુસાર, પોલીસે આ કેસમા વધુ ૧૨ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે જે આરોપીઓની ધરપકડ કરી હતી તેમના નામ રમીઝ કુરેશી, ઈમ્તિયાઝ શેખ, ચાંદ શેખ, વસીમ મલેક, સાજીદ પઠાણ, આસિફ ચૌહાણ, કાદર શેખ, શાહિદ સિંધી,તોસિફ શેખ,ફૈઝલ,,અસરાર શેખ અને તાલીફ શેખ છે.

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા જતીન પટેલ નામના મોબાઈલના વેપારીએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેણે કહ્યું હતું કે રાજમહેલ રોડ પર હું મોબાઈલ એસેસરીઝની દુકાન ચલાવું છું. તેમજ મારા ગ્રાહકોને ઓફર જણાવવા માટે હું ઈન્સ્ટાગ્રામ પર લાઈવ થયો હતો. જેથી મારા ગ્રાહકોએ જય શ્રી રામ કહીને શુભેચ્છા પાઠવી હતી. જે બાદ હું ઓફરની જાહેરાત કરતો હતો. તે દરમિયાન શાહિદ પટેલ ૭૦૭૦ નામની ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી અભદ્ર કોમેન્ટ કરવામાં આવી હતી. જે અંગે ફરિયાદ કરવા વેપારી નવાપુરા પોલીસ સ્ટેશન ગયા ત્યારે દોઢસોના ટોળાએ પથ્થરમારો કરતા પોલીસને લાઠી ચાર્જ કરવો પડયો હતો. સમગ્ર ઘટનામાં ૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

# ગુજરાતના ગિફ્ટસિટીમાં જાતિ આધારિત ભેદભાવ થયાની ફરિયાદ

અમદાવાદ,

જેપી મોર્ગનના વાઈસ પ્રેસીડેન્ટ અનિરુદ્ધ કેજરીવાલે એક સનસનાટી મચાવતો દાવો કર્યો છે. તેમણે પોતાના ટ્વિટર એકાઉન્ટ પર ગુજરાતમાં જાતિ આધારિત ભેદભાવ થયાની ફરિયાદ કરીને સૌને ચોંકાવી દીધા હતા.

તેમણે કહ્યું કે ગુજરાતની ગિફ્ટ સિટીમાં મેં એક ફલેટ ખરીદવાનો પ્રયાસ કર્યો હતો જ્યાં મને મારી જાતિના કારણે ઘર ફાળવવાની ના પાડી દેવામાં આવી. તેમણે એવો દાવો પણ કર્યો કે તેમને ધમકાવવામાં પણ આવ્યા હતા. ૩૦ જેટલાં લોકોએ તેમને ઘેરીને ધમકાવ્યા કે જો તેઓ તેમની ધમકી છતાં ઘર ખરીદવાનો પ્રયાસ કરશે તો તેમનું જીવવું મુશ્કેલ થઈ જશે. પરિવારને પણ અનેક તકલીફો વેઠવી પડશે.

એક પછી એક ટ્વિટમાં કેજરીવાલે ગાંધીનગર ખાતે આવેલી ગિફ્ટ સિટીમાં આ દુઃસ્વપ્ન સમાન ઘટના બની હોવાનો દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે સોસાયટીના મેનેજમેન્ટ દ્વારા મને મારી જાતિના કારણે જ ફ્લેટ આપવાની ના પાડી દેવામાં આવી. ગુજરાત પોલીસ, ગુજરાતના મુખ્યમંત્રી અને અન્ય કેટલાક સહયોગીઓને ટાંકતા તેમણે પોસ્ટમાં લખ્યું કે મેં ફ્લેટ ખરીદવા માટે એડવાન્સ રકમ પણ ચૂકવી દીધી હતી અને વેચાણ કરાર ફાઈનલ કરવાની તૈયારીમાં જ હતું પરંતુ સોસાયટીના વેચાણકાર તરફથી એનઓસી આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હતા જેનાથી મને ખતરાની ઘંટડીનો આભાસ તો થયો હતો પરંતુ મામલો આટલો ગંભીર છે તેનાથી હું વાકેફ નહોતો.

તેમણે આગળ ટ્વિટમાં જણાવ્યું કે મને સોસાયટીના ચેરમેન અને મેનેજમેન્ટ તરફથી સ્પષ્ટપણે કહી દેવામાં આવ્યું કે હું અન્ય જાતિનો હોવાથી મને અહીં ઘર નહીં ફાળવાય. તેઓ મને અહીં રહેવાની પરવાનગી નહીં આપે. આ ઘટનાને કારણે મને ઘેરો આઘાત લાગ્યો છે. કેજરીવાલે આરોપ મૂક્યો કે મને ૩૦ જેટલાં લોકોએ ઘેરી લીધો હતો અને ધમકાવ્યો કે જો હું ફ્લેટ ખરીદીની પ્રક્રિયામાં આગળ વધીશ તો ગંભીર પરિણામો ભોગવવાનો વારો આવશે. તેમણે મારી પાસે મારા વંશ અને જાતિના પુરાવા પણ માગી લીધા અને મેં આપ્યા પણ ખરાં.

અનિરુદ્ધ કેજરીવાલે કહ્યું કે આ ભેદભાવની ઘટનાને કારણે નાણાકીય વ્યવસ્થાઓથી લઈને પર્સનલ અરેન્જમેન્ટ સુધીની મારી સંપૂર્ણ તૈયારીઓ હવે મુશ્કેલીમાં મૂકાઈ છે. ભારત માટે વિકાસનું એન્જિન ગણાતાં ગુજરાતમાં મારી સાથે આવી ઘટના બની તે આંચકાજનક છે. આ મારા માટે એક દુઃસ્વપ્ન સમાન બાબત છે. તેઓએ મને ધમકાવ્યો કે જો હું ગમે તેમ કરીને પણ જો ફ્લેટ ખરીદવામાં સફળ થઈ જઈશ તો તેઓ મારા જીવનની ખુશીઓ છીનવી લેશે અને મારા તથા પરિવાર માટે મોટી મુશ્કેલીઓ ઊભી કરશે. મેં સિંગાપોર જવાની તક છોડીને મુંબઈથી ગુજરાતમાં શિફ્ટ થવાનો નિર્ણય કર્યો હતો પરંતુ આ જાતિગત ભેદભાવને લીધે મારું સપનું રોળાઈ ગયું છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya